# 20 બે લઘુકથાઓ

**નરેન બારડ**

(જન્મ : 1954; અવસાન : 2000)

લઘુકથા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર નરેન્દ્ર બાબુલાલ બારડ, કેટલાંક નોંધપાત્ર પુસ્તકો આપીને, નાની ઉંમરે અવસાન પામ્યા છે. 'મને જ ગમશે', 'સૂના સંબંધ', 'મન વડવાનલ' તેમજ 'ગૃહબંધન' એમના યશસ્વી સર્જન-ગ્રંથો છે. ગુજરાતી ભાષામાં લઘુકથાના ખેડાણમાં જે કેટલાંક નામો મૂકી શકાય એમાં નરેન બારડની પ્રયોગશીલ લઘુકથાઓ મોખરે છે.

ડાઘની શરૂઆતમાં જ 'ગમે તેમ તોય આ તો દીકરીની જાત.' આ વાક્ય દ્વારા સાવ નિર્દોષ છતાં ગંભીર વાત સમાજના કહેવાતા ડાહ્યા ને સમજુ માણસો તરફ અંગુલિનિર્દેશ કરે છે. લગ્ન જેવા પવિત્ર સંબંધને કેવી નજરથી જુએ છે તેની ગંભીર વાત ડૉક્ટરના જીવનમાં બની ગયેલી ઘટના દર્શાવે છે.

---

**ઈશ્વર પરમાર**

(જન્મ : 06-10-1941)

બાળ સાહિત્યકાર અને શિક્ષણક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનાર ઈશ્વર પરમારનું કર્મક્ષેત્ર દ્વારકા રહ્યું છે. દ્વારકાની બી.એડ્. કૉલેજમાં તેઓ અધ્યાપક હતા. એમણે કેટલીક લઘુકથાઓ પણ લખી છે. 'શિક્ષણના સિતારા' એમનું શિક્ષણશાસ્ત્રીઓ અને શિક્ષકો વિશેનાચરિત્ર લેખોનું પુસ્તક છે. 'તુલસીની માળા' તેમજ બીજાં કેટલાંક પુસ્તકો શિક્ષણ તેમજ બાળસાહિત્યને લગતાં છે. એમને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળેલો છે.

થોડામાં ઘણું એ લઘુકથાનો પ્રાણ. એ ન્યાયે જીવતા - કહેવાતા આધુનિક જીવનનો વતન-ભાવ વિચ્છેદ કેવો આકરો-અકારો છે તે પ્રસ્તુત લઘુકથા બળકટ રીતે સૂચવે છે. સુખી દીકરાઓ ગામડું છોડીને રાજીમાને પોતાને શહેર બોલાવે છે, પણ માની મમતા ઢોરાંથી છૂટતી નથી. ઢોરાં વિના રાજીમા અને રાજીમા વિના ઢોરાંનું અસ્તિત્વ જ જાણે અલોપ થઈ જાય તેવો પારસ્પરિક પ્રગાઢ પ્રેમ-લાગણીનો, અજબ-અવિચ્છિન્ન સેતુ અહીં રચાયો છે. કહેવાતા લોહીના સંબંધોની તુલનામાં, એકલપંડની એકલતા અબોલ ઢોરાં દ્વારા કેવી સજીવ સભરતાથી છલકાય છે, લીલીછમ - રળિયામણી બની જાય છે તેની અપ્રતીમ ગૂંથણી આ લઘુકથાઓનો ખરો કસબ છે. અંતે વિધિની વક્રતારૂપે ગુજરાતી સાહિત્યની અમર પંક્તિ સ્વરૂપે સૂચવાયા છે : ''ભઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં.''

---

## 1. ડાઘ

**નરેન બારડ**

'ગમે તેમ તોય, આ તો દીકરીની જાત ! સાવ સાચું કહેજો બેન ! આમાં ચિન્તાનું તો કોઈ કારણ નથી ને ?'

'ના, બિલકુલ નહીં. તમારી બેબીને, વિટામિન-'એ' ની ડેફિસિઅન્સી આવી ગઈ છે એટલે જ એના આખા શરીરે સફેદ છાંટણાં ઊપસી આવ્યાં છે. જુઓ, તમને આ ગોળી લખી આપું છું. ગોળી પૂરી થયે તમે બેબીને ફરીવાર બતાવી જજો, હોં.'

ડૉક્ટર સુનીતા શાહના શબ્દોની, તેની સામે ફૂલ જેવી બાળકીને તેડીને બેઠેલી સ્ત્રી ઉપર જાદુઈ અસર થઈ અને આભારસૂચક નજરે તે સ્ત્રી દવાખાનું છોડી ગઈ.

તૂટી પડતી ડાળીની જેમ એકાએક, ડૉક્ટર સુનીતા શાહે, પોતાનું માથું ટેબલ પર ઢાળી દીધું અને આંખો મીંચી દીધી...

તેની બિડાઈ ગયેલી પાંપણો તળે, પોતાના કપાળ ઉપર ચાંદલો કરવાની જગ્યાએ જનમથી ઊગેલા કોઢના સફેદ ડાઘને લીધે, લગ્નની પહેલી જ રાત્રે 'ત્યક્તા'.....

## 2. ઢોરાં

**ઈશ્વર પરમાર**

રાજીમા એકલપંડ ને ડેલીબંધ ઘરમાં નાનાંમોટાં ઢોર નવ ! માજી ઢોર સાથે બોલે ને બાઝે; પાછાં પંપાળે ! એમના બેઉ દીકરા ભણતાં ભણતાં પરણીને દૂરના શહેરમાં સ્થિર થયા. તેઓ તેડાવે ખરા પણ માજી જવાબ લખાવે : 'ભોમકાની માયા મેલી નથી મેલાતી. તમે સઘરિયાં આંટો દઈ જાવ વે'લેરાં.'



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ફરી દીકરાનો કાગળ : 'અમારે નોકરીમાં રજા જમે નથી. આવીએ તો છોકરાંનું ભણતર ભાંગે; તમારી વહુની તબિયત ઠીક-અઠીક રહ્યા કરે છે. હાલ તો નહીં અવાય. પૈસા મેલ્યા છે. હવે ઢોરાં વેચીને નિરાંતે રહો. ઘણું વેઠ્યું. ભજનભાવ કરો. તબિયત સાચવજો...'

એકવાર આવા કાગળનો જવાબ લખાવવા મારી દુકાને પત્તું લઈને રાજીમા આવ્યાં ત્યારે મેં ય કહ્યું, 'માડી, વેચી દો ને ઢોર. રહો નિરાંતે. નાણાંની ક્યાં આપદા છે તમારે ?'

ચહેરા પરની કરચલીઓ પર અટકી અટકીને સરતાં આંસુથી ભીના થતા શબ્દોમાં રાજીમા કહે : 'ગગા, ઢોરાંને વેચું છું તો પીટ્યાં પારકા ખીલા તોડાવી-છોડાવીને અધરાતે ડેલીબા'ર ભાંભરડાં નાખે છે, ને પંડનાં છોરાં... વણવેચે વેચાઈ ગયાં ! નથી લખવો કાગળ મારે...' પેલું કોરું પત્તું ફાડીને ફેંકતાં વળી કહે : 'ભઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં...'

## શબ્દસમજૂતી

**ઢોર** પશુ પંડ શરીર, કાયા, દેહ **માજી** મા **મરહૂમ** મૃત્યુ પામેલું **માયા** છળ, પ્રપંચ, જેનાથી બ્રહ્માંડ રચાયું છે તે ભાસમાન થાય છે તે આદિ શક્તિ **સઘરિયા** સહકુટુંબ, પરિવાર **આંટો** ફેરો **વે'લેરા** વહેલા **જમે** જમા **ભાંગે** તૂટે **વેઠ્યું** સહન કર્યું **ભજન** નામસ્મરણ **પત્તું** કાગળ,પત્ર **માડી** માતા, દેવી, એક પ્રકારનું પીણું **આપદા** ભય **કરચલી** ચહેરા પરની રેખા, કરચલાની માદા **ગગો** પુત્ર **પીટ્યું** મૂઉં **ભાંભરડાં** પશુનો અવાજ **છોરાં** બાળકો **સફેદ છાંટણાં** કોઢના સફેદ ડાઘ **બિડાવું** બંધ થવું **ત્યક્તા** ત્યજી દીધેલું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) રાજીમાને કોનું અનહદ વળગણ હતું ?

(2) લેખકે રાજીમાને શી સલાહ આપી ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) રાજીમા દીકરાને પત્રમાં શો સંદેશો મોકલે છે ? દીકરા તેનો શો પ્રત્યુત્તર આપે છે ?

(2) શા કારણથી રાજીમાએ કાગળ લખવાનો નિર્ણય માંડી વાળ્યો ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'ઢોરાં' લઘુકથા શી માર્મિકતા પ્રગટાવે છે ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) 'વિટામિન-એ'ની ઉણપથી શરીર પર શી અસર થાય છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) ડૉ. સુનીતા શાહનું લગ્ન શા કારણે ભાંગેલું ?

(2) શાના લીધે ડૉ. સુનીતા શાહ હૃદયથી ભાંગેલી હતી ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. શિક્ષક પાસેથી લઘુકથા વિશે માહિતી મેળવી એકાદ લઘુકથા લખવા પ્રયાસ કરો.
2. લાઈબ્રેરીમાંથી લઘુકથાઓ વિશેનું પુસ્તક મેળવીને વાંચો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. વિદ્યાર્થીઓને લઘુકથા વિશેનાં પુસ્તકો ઉપલબ્ધ થાય તેવી ગોઠવણ કરાવવી.
2. કોઈ સારી લઘુકથાનું વિદ્યાર્થીઓ સમક્ષ પઠન કરી તેના સ્વરૂપ વિશે સમજાવો.

●



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in